# ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, (સાંજ) અમદાવાદ

## પક્ષી બચાવો કરૂણા અભિયાન

તા. 16/01/2023



ઉતરાયણનું પર્વ માનવ સમાજ માટે આનંદ અને ઉલ્લાસનું પર્વ છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ પર્વ અબોલ પક્ષીઓ માટે ઘાતક પર્વ બની ગયું છે. તેનું કોઇ કારણ હોય તો તે છે બજારમાં વેચાતી ચાઇનીઝ દોરી. આ ચાઇનીઝ દોરી ન માત્ર પક્ષીઓ માટે પરંતુ મનુષ્યો માટે પણ ઘાતક સાબિત થયેલી છે. સરકારશ્રીએ પણ આ બાબતને ગંભીરતાથી લઇ ચાઇનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ મૂકેલ છે તથા ચાઇનીઝ દોરી વેચતા વેપારીઓ પર કડક કાર્યવાહી કરેલ છે. સરકારશ્રીના આ કાર્યક્રમને ધ્યાને લઇ અત્રેની કોલેજના એન.સી.સી, એન.એસ.એસ., તથા ઇકો ક્લબના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં ચાઇનીઝ દોરી બાબતે સજાગતા કેળવાય તથા ઘાયલ પક્ષીઓ પ્રત્યે સંવેદીનશીલતા પ્રગટે તે હેતુથી પક્ષી બચાવો કરૂણા અભિયાનનો પ્રારંભ કરવામા આવ્યો હતો.





આ અભિયાન અંતર્ગત તા.13/01/2023ના રોજ એક જાગૃતતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી, એન.એસ.એસના 54 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શિબિરની શરૂઆત પ્રાર્થનાથી કરવામા આવી હતી ત્યારબાદ અત્રેની કોલેજના એન.એ.ઓ. ઓફિસર ડો.વિનોદ મોવલીયાએ ચાઇનીઝ દોરીથી થતા નુકસાન વિશે સમજાવી આવી દોરી ન વાપરવા, લોકોમાં જાગૃતતા કેળવવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું. કોલેજના એન.એસ.એસ પ્રોગામ ઓફિસર પ્રા. સંદિપ સાંચલાએ

Scanned with CamScanner

ઉતરાયણના પર્વ દરમિયાન ઘાયલ થતા પક્ષીઓની પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી જોઇએ. સારવાર દરમિયાન કઇ બાબતોનું ધ્યાન રાખવુ જોઇએ. પક્ષી જો વધારે ઘાયલ હોય તો સરકારશ્રીની કરૂણા અભિયાન સેવાનો લાભ કઇ રીતે લઇ શકાય તેનું વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ઇકો ક્લબના કો-ઓડિનેટર ડો.ભાવિન પરમાર પતંગની દોરીમાં ફસાઇને મૃત્યુ પામતા પક્ષીઓ પર એક નાની દસ્તાવેજી ફિલ્મ બતાવી ઉતરાયણનું પર્વ પૂરું થયા બાદ પોતાની આસપાસના વિસ્તારમાંથી આવી પતંગની દોરીઓનો નાશ કરવા જણાવ્યુ હતું. શિબિરના અંતમાં વિદ્યાર્થીઓએ ચાઇનીઝ દોરી ન વાપરવા તથા ન વાપરવા દેવા, ઘાયલ પક્ષીઓની સારવારને પોતાની નૈતિક ફરજ સમજી સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.



આ શિબિરની ફલશ્રુતિ રૂપે ઉતરાયણના પર્વ પૂર્ણ થયા બાદ અત્રેની કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના ધાબા પરથી અને સોસાયટીમાંથી પતંગની દોરી એકઠી કરી નાશ કરેલ હતો. તા.16/01/2023ના રોજ કોલજ કેમ્પસમાં તથા કોલેજની બહારના વિસ્તારમાંથી આવી ગુંચળા થયેલી દોરી એકઠી કરી નાશ કરવામા આવ્યો હતો. આ વર્ષે ખરેખર એન.સી.સી, એન.એસ.એસના વિદ્યાર્થીઓએ મૂંગા અબોલ પક્ષીઓની સેવા કરીને પોતાનો વિદ્યાર્થી ધર્મ નિભાવ્યો હતો.

કો-ઓડિનેટર
એ.એન.ઓ ઓફિસર
એન.એસ.એસ. પ્રોગામ ઓફિસર
ઇકો ક્લબ કો-ઓડિનેટર :-

આચાર્યશ્રી
ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજ)
અમદાવાદ

Scanned with CamScanner